# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

**************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, રાષ્ટ્રીય સલામતી માટે જોખમ ઊભું કરનારાઓને ભારતમાં પ્રવેશ નહીં આપવામાં આવે.

2) ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિક ફોન્ટ પહેલી એપ્રિલથી પાંચ દિવસની ભારતની મુલાકાતે આવશે.

3) જમ્મુ અને કાશ્મીરમાં સલામતી દળો સાથેની અથડામણમાં ત્રણ આતંકવાદીઓ ઠારઃ ત્રણ જવાનો શહીદ.

4) મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર માટે અરજીઓ મંગાવી.

5) જોર્ડનના અમ્માનમાં સિનિયર એશિયન કુશ્તી ચેમ્પિયનશિપમાં ભારતે એક રજત અને બે કાંસ્યચંદ્રક જીત્યા.

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH – IMMIGRATION

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઉભો કરનારાઓને ભારતમાં પ્રવેશવા આપવામાં આવશે નહીં.

ગઈકાલે લોકસભામાં ઇમિગ્રેશન અને વિદેશી વિધેયક-2025 પર ચર્ચાનો જવાબ આપતા શ્રી શાહે કહ્યું કે ભારતમાં અશાંતિ ફેલાવવા બદલ રોહિંગ્યા અને બાંગ્લાદેશીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે કોઈ પણ વ્યક્તિ પોતાની મરજી મુજબ દેશમાં રહી શકે નહીં.

દેશની સુરક્ષા માટે સરકાર પાસે ભારતની મુલાકાતે આવનારની માહિતી હોવી જરૂરી છે.

શ્રી શાહે કહ્યું કે આનાથી દેશના વિકાસમાં મદદ મળશે અને વ્યવસાય માટે આવતા લોકો પર પણ દેખરેખ રાખી શકાશે અને દેશની સુરક્ષા માટે ખતરો ઉભો કરનારાઓ પર નજીકથી નજર રાખવામાં પણ મદદ મળશે.

## બાઇટ – અમિત શાહ

અગાઉ ચર્ચાની શરૂઆતમાં કોંગ્રેસના મનીષ તિવારીએ વિધેયકનો વિરોધ કર્યો અને કહ્યું કે તે બંધારણની વિરુદ્ધ છે. તેમણે વિધેયકને વધુ ચકાસણી માટે સંયુક્ત સંસદીય સમિતિને મોકલવાની માંગ કરી હતી.

બાદમાં લોકસભાએ વિધેયક પસાર કર્યું. આ વિધેયકનો ઉદ્દેશ્ય ઇમિગ્રેશન કાયદાઓને આધુનિક બનાવવાનો છે.

# MORN. CHILE PRESIDENT VISIT

ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિક ફોન્ટ પહેલી એપ્રિલથી ભારતની પાંચ દિવસની મુલાકાતે નવી દિલ્હી આવશે. રાષ્ટ્રપતિ તરીકે આ તેમની પહેલી ભારત મુલાકાત છે. તેમની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ આવશે.

રાષ્ટ્રપતિ બોરિક પહેલી એપ્રિલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરશે. જેમાં ભારત-ચિલી સંબંધોના તમામ પાસાઓ પર ચર્ચા કરવામાં આવશે. શ્રી બોરિક ફોન્ટના માનમાં પ્રધાનમંત્રી ભોજન સમારંભ પણ યોજશે. રાષ્ટ્રપતિ બોરિક રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે પણ મુલાકાત કરશે. રાષ્ટ્રપતિ બોરિક ચિલી પરત ફરતા પહેલા આગ્રા, મુંબઈ અને બેંગલુરુની પણ મુલાકાત લેશે. મુંબઈ અને બેંગલુરુમાં, તેઓ રાજકીય નેતૃત્વ, વ્યવસાય અને ઉદ્યોગ પ્રતિનિધિઓ, સ્ટાર્ટઅપ્સ, ઇનોવેટર્સ અને ટેકનોલોજી પ્રતિનિધિઓને પણ મળશે.

ભારત પરંપરાગત રીતે ચિલી સાથે મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. ચિલી એકમાત્ર દક્ષિણ આફ્રિકાનો દેશ છે જ્યાંથી 1947માં ભારતના સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં હાજરી આપવા માટે ખાસ દૂત મોકલવામાં આવ્યો હતો.

રાષ્ટ્રપતિ બોરિકની મુલાકાત દરમિયાન, દ્વિપક્ષીય સંબંધોની વ્યાપક સમીક્ષા તેમજ પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા થવાની અપેક્ષા છે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમ માટે નાગરિકો પાસેથી સૂચનો મગાવ્યા છે. માસિક રેડિયો કાર્યક્રમની આ 120મી કડી હશે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી મોદીએ

આ કાર્યક્રમ માટે મોટા પ્રમાણમાં સૂચનો મળતાં આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું, આ સૂચનો સામાજિક સુખાકારી માટે સામૂહિક પ્રયાસની શક્તિને દર્શાવે છે. લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચનો ટૉલ-ફ્રી નંબર 1800-11-7800ના માધ્યમથી, નરેન્દ્ર મોદી એપ્લિકેશન અથવા માય-G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના સૂચનો મોકલી શકાશે. સૂચનો મોકલવાનો આજે છેલ્લો દિવસ છે.

## J&K - ENCOUNTER - KATHUA

જમ્મુ અને કાશ્મીરમાં, કઠુઆના જુથાનામાં ગઈકાલે રાત્રે થયેલી અથડામણમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા, જ્યારે સુરક્ષા દળોના ત્રણ જવાનો શહીદ થયા. નાયબ પોલીસ અધિક્ષક અને એક પેરા કમાન્ડો સહિત ચાર અન્ય સુરક્ષા કર્મચારીઓ ઘાયલ થયા હતા.

ગઈકાલે વહેલી સવારે સુરક્ષા દળોએ સુફૈન જંગલ વિસ્તારમાં શોધ અભિયાન હાથ ધરતા આતંકવાદીઓના એક જૂથ સાથે અથડામણ થઈ, જેમાં ત્રણ આતંકવાદીને ઠાર કરાયા હતા., જોકે હજુ તેમના મૃતદેહ મળી આવ્યા નથી.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# BAL PURASKAR-APPLICATION

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર માટે અરજીઓ મંગાવી છે.

અરજદારો એક એપ્રિલથી રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ પર અરજી કરી શકે છે. 31 જુલાઈ 2025 સુધીમાં પાંચ થી 18 વર્ષની વયના ભારતમાં રહેતા કોઈપણ ભારતીય નાગરિક આ પુરસ્કારો માટે પાત્ર છે. મંત્રાલય દર વર્ષે બહાદુરી, રમતગમત, સમાજ સેવા, વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ, કલા અને સંસ્કૃતિમાં સિદ્ધિઓ માટે અસાધારણ બાળકોને સન્માનિત કરવા માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારનું આયોજન કરે છે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ છે.

# SENIOR ASIAN WRESTLING

જોર્ડનના અમ્માનમાં સિનિયર એશિયન કુશ્તી ચેમ્પિયનશિપમાં ભારતે એક રજત અને બે કાંસ્યચંદ્રકો જીત્યા છે. ગઈકાલે સ્પર્ધાના ત્રીજા દિવસે રિતિકાએ રજત જ્યારે મુસ્કાન અને માનસી  લાઠેરે કાંસ્યચંદ્રકો જીત્યા હતા.

76 કિલોગ્રામ વર્ગની ફાઇનલમાં રિતિકાનો કિર્ગિસ્તાનની એપેરી મેડેટ કાઝી સામે 6-7 થી પરાજય થયો હતો. મુસ્કાને 59 કિલોગ્રામ વર્ગમાં મોંગોલિયાના અલ્તગીન તોગટોખને 4-0 થી પરાજય આપી કાંસ્યચંદ્રક જીત્યો હતો.  68 કિલોગ્રામ વર્ગમાં માનસી લાથેરે કઝાકિસ્તાનની ઇરિના કાઝ્યુલિનાને 12-2 થી પરાજય આપ્યો હતો.

ભારતે અત્યાર સુધીમાં ચેમ્પિયનશિપમાં એક રજત  અને ચાર કાંસ્ય સહિત કુલ પાંચ ચંદ્રકો જીત્યા છે. ગ્રીકો-રોમનમાં, સુનિલ કુમારે પુરુષોની 87 કિગ્રા શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો અને નિતેશ પુરુષોની 97 કિગ્રા શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

# EVE. KHELO INDIA - CLOSING CEREMONY

દિલ્હીમાં ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સનું ગઇકાલે સમાપન થયું છે. આ પ્રસંગે રમતગમત રાજ્યમંત્રી રક્ષા નિખિલ ખડસે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ

(VOICE CAST ABHISHEK KAPIL)

# WOMENS HOCKEY LEAGUE

રાષ્ટ્રીય મહિલા હોકી લીગની ફાઇનલમાં આજે હરિયાણાનો મુકાબલો ઓડિશા સામે થશે. આ મેચ રાંચીમાં સાંજે 6 વાગ્યાથી રમાશે. ઝારખંડ અને મિઝોરમ વચ્ચે ત્રીજા સ્થાન માટે સાંજે 4 વાગ્યે મેચ રમાશે.

ઝારખંડે ગઈકાલે છેલ્લી લીગ મેચમાં ઓડિશાને હરાવીને પૂલ Aમાં ત્રીજા સ્થાને રહી. બંગાળ, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રે ગઈકાલે સ્પર્ધામાં પોતપોતાની મેચ જીતી હતી.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગમાં, લખનઉ સુપર જાયન્ટ્સે ગઈકાલે સનરાઇઝર્સ હૈદરાબાદને પાંચ વિકેટથી હરાવ્યું. હૈદરાબાદે આપેલા 191 રનના લક્ષ્યનો પીછો કરતા લખનઉ એ માત્ર 16.1 ઓવરમાં પાંચ વિકેટે 193 રન બનાવી લીધા. લખનઉ માટે નિકોલસ પૂરને સૌથી વધુ 26 બોલમાં 70 રન બનાવ્યા, જ્યારે મિશેલ માર્શે 31 બોલમાં 52 રનનું યોગદાન આપ્યું.

આજે સાંજે ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે થશે. આ મુકાબલો સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- લોકસભામાં પસાર થયેલા ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ બિલના સમાચારને મોટા ભાગના અખબારોએ હેડલાઇન બનાવી છે.
- કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહનું નિવેદન ટાંકતા સંદેશ લખે છે, ભારત કંઈ ધર્મશાળા નથી. તો નવગુજરાત સમય લખ્યું, ઘુસણખોરો સામે કડક કાર્યવાહી થશે.
- ગુજરાત સમાચારે સોનામાં ઉછાળાના સમાચારને હેડલાઇન બનાવતા લખ્યું, ચાંદી હવે લાખેણી.. સોનું 91 હજાર 500 રૂપિયાની વિક્રમી ટોચે.
- જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી અને સુરક્ષાદળો વચ્ચે થયેલી અથડામણના સમાચારને દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને સ્થાન આપતા લખ્યું, કઠુઆમાં 3 જવાન શહીદ, 3 આતંકી ઠાર, ડીએસપી સહિત સાત જવાન ઇજાગ્રસ્ત.
- વિધાનસભામાં પસાર થયેલા સ્ટેમ્પ સુધારા વિધેયક અંગે સંદેશ લખે છે "તોડ"નો તોડ કાઢવા સરકારે કાયદો બદલ્યો,
- નવગુજરાત સમયે છેલ્લા પાને EDની કાર્યવાહી અંગે લખ્યું અમદાવાદ EDની ટીમે ત્રણ કેસમાં 3.5 કરોડની મિલકતો ટાંચમાં લીધી
- દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને લખ્યું છે કે CA ફાઇનલ પરીક્ષાઓ હવે વર્ષમાં ત્રણ વખત યોજાશે.
- નર્મદા પરિક્રમા અંગે સંદેશે લખ્યું, એક મહિનો ચાલનારી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાનો 29 માર્ચથી આરંભ થશે.